સુવિચાર : તમારા હૃદયમાં રહેલા અગ્નિના તણખાં (અંતરાત્માને) પ્રજ્જવલિત રાખવા પરિશ્રમ કરો - જ્યોર્જ વોશિંગ્ટન

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૧ ૨૨ નવેમ્બર, ૨૦૧૫, રવિવાર ; કારતક સુદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૬ ટકા

## ફટાફટ ન્યુઝ

- હવે ૨૧મી સદીનો એશિયન સદી બનાવવા ભારત તૈયાર છે : મોદી
- પ્રજાસત્તાક દિવસની પરેડમાં હોલાન્ડે મુખ્ય મહેમાન હશે
- માલીમાં બાન કટોકટીનો અંત : બન્ને ત્રાસવાદી ઠાર
- તેજ પ્રતાપ કરતા તેજસ્વી ઉપર લાલૂને વધુ વિશ્વાસ
- શીના મર્ડર : માતાને પુત્રી જ ધમકાવતી રહેતી હતી
- પેરિસ બાદ હવે બેલ્જિયમમાં આતંકવાદી હુમલાનો ખતરો
- ભારતને એમએફએન દરજ્જો નહીં જ અપાય
- પ્રેમ રતન ધનની કમાણી ૩૦૦ કરોડથી પણ વધુ

# આજે રાજ્યના છ મહાનગરોમાં મતદાન

### ૫૬૮ બેઠકો માટે ૧૨૬૧૬ મતદાન મથકો પર મતદાન થશે : છ મનપાની ૫૬૮ બેઠકો માટે ૧૮૫૬ ઉમેદવાર મેદાનમાં : ચૂંટણી કર્મચારી પણ સજ્જ : ઇવીએમમાં નોટાનો પણ વિકલ્પ : કુલ ૯૫૯૦૫૫૨ મતદારો

અમદાવાદ, તા. ૨૧

જેની ઉત્સુકતાપૂર્વક ઘણા સમયથી રાહ જોવામાં આવી રહી હતી તે અમદાવાદ સહિત છ મહાનગરપાલિકાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. આની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. મતદાનને લઈને તમામ છ મહાનગરપાલિકામાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે ઓછા મતદાનની શક્યતા પણ આ વખતે દેખાઈ રહી છે. આ સ્થિતિને જોતા ભાજપ અને કોંગ્રેસ માટે આ વખતે ચૂંટણી ખુબ જ મહત્વપૂર્ણ બની ગઈ છે. નવા સીમાંકન બાદ આ વખતે ચૂંટણીને લઈને મતદારોમાં પણ દુવિધા પ્રવર્તી રહી છે. ભાજપ અને કોંગ્રેસ બંનેને પ્રથમ વખત ઈવીએમમાં ઉમેરવામાં આવેલા નોટાનો ભય પણ સતાવી રહ્યો છે. દેશભરમાં રાજકીય પક્ષોની નજર પણ ચૂંટણી ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. અલબત્ત આ વખતે નરેન્દ્ર મોદીના કરિશ્માની ગેરહાજરીમાં ભાજપ માટે કોર્પોરેશનની ચૂંટણી વધારે પડકારરુપ બની ગઈ છે. એટલામાં ઓછું હોય તેમ પટેલ આંદોલનના કારણે પણ ભાજપને માઠી અસર થઈ છે. મોટી સંખ્યામાં મતદારો ધરાવતા એવા પાટીદાર સમુદાયમાં ભાજપનો લઈનો નારાજગી છે તે જોતા કોંગ્રેસને પણ તક રહેલી છે. ગુજરાત રાજ્યની છ મહાનગરપાલિકા પૈકીની અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરની ૫૬૮ બેઠકો માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. રાજયની છ મહાનગરપાલિકાની કુલ ૫૬૮ બેઠકોમાટે ૧૨૬૧૬ મતદાન મથકો ઉપર મતદાન યોજાનાર છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કરવામાં આવેલા નવા સીમાંકન મુજબની આ ચુંટણીમાં એક વોર્ડ ચાર કાઉન્સીલર ૫૦ ટકા મહિલા અનામત, ઈ-વોટીંગ જેવા મુદ્દાઓને લઈને રાજ્ય ચુંટણીપંચ મતદાન કરાવી રહ્યું છે. નોટાના ઉપયોગ સાથે યોજાનારી આ ચૂંટણી રાજકીય પક્ષો માટે કેટકેટલાય પડકારો લઈને આવી છે. રાજ્ય ચુંટણીપંચ દ્વારા છ મહાનગરપાલિકામાં ન્યાયીક વાતાવરણમાં ચુંટણી યોજવા

● અનુસંધાન પાન-૬ પર

## રાજ્યમાં ચૂંટણીને શાંતિપૂર્ણરીતે પાર પાડવા ઘનિષ્ઠ બંદોબસ્ત

અમદાવાદ, તા. ૨૧

છ મહાનગરપાલિકાની ચુંટણીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. શાંતિપૂર્ણ ચૂંટણી માટે ૭૦ સીઆરપીએફની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને પહોંચી વળવા રાજય ચૂંટણી આયોગ અને જે તે જિલ્લા વહીવટીતંત્રે તૈયારીઓને આખરીઓપ પહેલાથી જ અપાઈ ચુક્યો છે. ચૂંટણીઓમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંદર્ભે લેવાઈ રહેલા પહલાંની સમીક્ષા કરવા યોજાયેલી બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં ૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓના સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સંતોષ વ્યક્ત કરાયો હતો.

ગાંધીનગરમાં ઈચ્છો ત્યાં ગરમા ગરમ ઘર જેવું ભોજન...

બપોરે : રોટલી, શાક, કઠોળ, દાળ-ભાત, સલાડ

સાંજે : ભાખરી, શાક, ખિચડી અને દૂધ અથવા જે તે દિવસના મેનુ પ્રમાણે




ફ્રી હોમ ડીલિવરી

આસ્થા ટિફિન

સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159

નૂતન વર્ષાભિનંદન



ગાંધીનગરના તમામ વકીલમિત્રો તેમજ સર્વે નગરજનોને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા સાથે નવું વર્ષ લાભદાયી રહે તેવી શુભકામના

પી. એચ. ગોહિલ
બી.એ., એલએલબી, એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
મો. : ૯૯૨૪૩ ૭૭૯૯૯

ઓફીસ : બી-૩, સરદાર પટેલ સહકાર ભવન, બીજો માળ, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની ઉપર, સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, પથિકાની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૨

## ૬. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદી ઝાપટાની આગાહી

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદમાં આજે હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો જેના કારણે તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી છે. એકાએક તાપમાનમાં ફરીવાર વધારો થયો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૮.૯ ડિગ્રી રહ્યું હતું જ્યારે મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી રહ્યું હતું. નલિયામાં પણ એકાએક તાપમાનમાં વધારો થયો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૬.૪ ડિગ્રી રહ્યું હતું. ડિસામાં ૧૫.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું જે રાજ્યમાં સૌથી ઓછું તાપમાન છે. હવામાનમાં એકાએક પલટા વચ્ચે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર, દિવ અને દમણ, દાદરાનગર હવેલીના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડી શકે છે. જો આગાહી મુજબ વરસાદના ઝાપટા પડશે તો ઠંડીના પ્રમાણમાં એકાએક વધારો થઈ શકે છે. અમદાવાદમાં તાપમાનમાં ફેરફારની સ્થિતિ સતત જોવા મળી શકે છે. નવેમ્બર મહિનાની પૂર્ણાહૂતિ થવા આડે હવે ગણતરીના દસ દિવસ રહ્યા છે ત્યારે ઠંડીની અપેક્ષિત શરૂઆત હજુ પણ જોવા મળી રહી નથી. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર વધારો થયો છે.

સૌનું હિત ભાજપની જીત

ન કોઈ વાદ
ન કોઈ વિવાદ
ગુજરાતની તો એક જ વાત
સૌનું હિત ભાજપની જીત



પ્રકાશક: ભારતીય જનતા પાર્ટી, ગુજરાત

કમળના નિશાન સામેના ચાર બટન દબાવ્યા પછી આપનો મત રજિસ્ટર કરવા પીળું બટન અચૂક દબાવશો ભાજપને વિજયી બનાવશો

નસકોરાનાં રોગોના દર્દીઓ માટે નિદાન કેમ્પ

શું તમને નીચેનામાંથી કોઈપણ લક્ષણ જણાય છે...?




...તો આ કેમ્પનો લાભ અચૂક લો.

ઉંઘના રોગો વિશે અમુક સત્ય હકીકતો...

૧. ૨૦% ભારતીય પુરુષો તેમજ ૮% ભારતીયસ્ત્રીઓ જે ઓબસ્ટ્રક્ટીવ સ્લીપ એપ્નિયા (O.S.A.)થી પીડાય છે.
૨. ૩૭% હાઈ બ્લડપ્રેશવાળા તા. ૪૮% ડાયાબીટીસવાળા દર્દીઓ O.S.A.થી પીડાય છે.
૩. દર ૩ માંથી ૧ ડાયાબીટીસ અને હાઈ બ્લડપ્રેશરવાળા દર્દીઓમાં આ રોગોની શરૂઆત O.S.A.થી થાય છે.
૪. ૫૧% મેદસ્વી લોકો તથા ૭૬% હૃદયરોગના દર્દીઓ O.S.A.થી પીડાય છે.
૫. O.S.A. સ્ત્રીઓ કરતાં પુરુષોમાં ૨-૩ ગણો વધારે જોવા મળે છે.

ડો. જયંત ત્રિવેદી
M.B.B.S., M.D. Respiratory Medicine
Consultant Pulmonologist & Bronchoscopist

ડો. જીજ્ઞેશ રાજવીર
M.S. (E.N.T.) D.L.O.

તા. ૨૩ નવે.૨૦૧૫થી તા. ૨૭ નવે. ૨૦૧૫ સુધી સવારે ૧૦ થી ૧૨

-: કેમ્પ સ્થળ :-

હાઈટેક હોસ્પિટલ

સેક્ટર-૩ડી, પ્લોટ નં. ૧૧૮૦, 'ઘ' રોડ, ઘ-૧।। બસસ્ટેન્ડ, ગાંધીનગર

નામ નોંધાવવા માટે સંપર્ક કરો : ૦૭૯-૨૩૨૪૦૫૫૫, ૨૩૨૪૦૬૬૬

- આ કેમ્પમાં આવનાર પ્રથમ ૨૦ દર્દીઓને સ્લીપ સ્ટડી જે રૂ. ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦માં થાય છે તે ફક્ત રૂ. ૩૦૦૦ (સ્પ્લીટ નાઈટ)માં કરી આપવામાં આવશે.
- આ કેમ્પમાં આવનાર દરેક દર્દીઓને પ્રાથમિક તપાસ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

કલકત્તા, પુરી, ગંગાસાગર રૂા.6200
પુલહાશ્રમ, અયોધ્યા, છપૈયા, નેપાળ રૂા.12800 અને વધુ
સાઉથ ઈન્ડીયા રૂા.17200
૧૬ ફેબ્રુ, ૧૧ અને ૩૦ માર્ચ, ૧૬ એપ્રિલ, ૧૦ મે
ભક્તિ ટુર્સ
90333 94250